


સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૦૯, સળંગ અંક : ૯૨૫, તારીખ : ૨૪-૦૭-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ
(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬
R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 24/07/2017, RMS G'nagar, Valid up to 31/12/19

## તા. ૨૨ થી ૨૪ જુલાઈ દરમ્યાન ઉદેપર ખાતે ભારતીય કિસાન સંઘની અ.ભા. કાર્યકારીણીની બેઠક યોજાઈ...

સમગ્ર દેશના કિસાનોની વર્તમાન સ્થિતિ, દેવાનાબૂદી, કિસાનોની કાયમી કર્જ મુક્તિની સ્થિતિ બનાવવા પાક વીમા યોજના મરજીયાત કરવી, હાલમાં લાગુ કરાયેલ જી.એસ.ટી.ની અસરોમાં ૧૮ ટકા ડ્રીપમાં અને રોજિંદા ખેતીના પૂરક વ્યવસાય એવા દૂધમાં અનિવાર્ય પશુ આહારમાં ૫ ટકા જી.એસ.ટી. અને અન્ય કૃષિક્ષેત્રે સંભવિત અસરોની ચર્ચા અને વિરોધ નોંધાવવા, જી.એમ. રાયડા પાક સહિતને મંજુરી આપવાની કેન્દ્રની હિલચાલનો તીવ્ર વિરોધ કરવો, અને ખેતીના ખૂબ જ મહત્વપૂર્ણ એવા તમામ પાકોના પોષણક્ષમ ટેકાના નફા સાથેના ભાવો નક્કી કરવા અને તેની ખરીદી માટેનું વ્યવસ્થા તંત્ર ગ્રામીણ સ્તર પર ગોઠવવું અને દેશની તમામ નદીઓને જોડવાના ઈન્ટર લીકીંગ પ્રોજેક્ટને અગ્રીમતા આપી હાથ પર લેવા જેવા મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે, અને સંગઠન દ્વારા ચલાવાયેલા સંસદના વિશેષ સત્ર કિસાનોની સમસ્યાઓની ચર્ચા માટે બોલાવવાની માંગને વધુ તીવ્રતાથી ઉઠાવવા રણનિતિનો વિચાર થશે.

**દેશભરના તમામ પ્રાંત પ્રદેશમાંથી રાષ્ટ્રીય અધિકારી, સદસ્યો, સંગઠનમંત્રી તેમજ પ્રદેશના પ્રમુખ - મહામંત્રી - કોષાધ્યક્ષ ભાગ લેશે..**

## ૬૮મો વન મહોત્સવ : સાબરકાંઠા જિલ્લાના પાલ દઢવાવ ખાતે વીરાંજલી વનનું લોકાર્પણ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ૬૮માં વન મહોત્સવનો રાજ્ય પ્રારંભ કરાવતા જાહેર કર્યુ કે, ગુજરાતમાં દસ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ રાજ્ય સરકાર સાકાર કરશે. એક બાળ - એક ઝાડનો સંકલ્પ પાર પાડવા તેમણે જનસમૂહનો આહ્વાન કર્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તાર પાલ - દઢવાવમાં વીરાંજલી વનનો લોકાર્પણ કરી રાજ્યવ્યાપી વન મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.



- રાજ્ય સરકાર ૧૦ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ સાકાર કરશે
- કુદરતી સંશાધનોના જતન - સંવર્ધનથી પર્યાવરણની રક્ષાની નેમ છે.
- 'એક બાળ એક ઝાડ'ના મંત્ર સાથે ગ્રીન ગુજરાત - ક્લીન ગુજરાતનો ધ્યેય સાર્થક કરીએ.
- આ સરકાર ગરીબો - પિડીતો - શોષિતો અને ગામડાની સરકાર છે.
- રૂા. ૧.૪૧ કરોડના ખર્ચે નવનિર્મિત PHC સબ સેન્ટરનું લોકાર્પણ : ૧૪૮૦ બીટ ગાર્ડને નિમણૂક પત્રો અપાયા

મુખ્યમંત્રીશ્રીએ વૃક્ષો વનોથી ગ્લોબલ વોર્મિંગના તારણોપાય અને ક્લાયમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા રાજ્ય સરકારે જનજાગૃતિ જગાવી છે તેની વિશદ્ ભૂમિકા આપી હતી. તેમણે સૌર, પવન, પાણી જેવા કુદરતી સંશાધનોનો વિનિયોગ કરીને તથા વૃક્ષાચ્છાદિત વિસ્તાર વધારીને પર્યાવરણ જતનની નેમ દર્શાવી હતી. આ સંદર્ભમાં તેમણએ કહ્યું કે રાજ્ય સરકારની કચેરીઓમાં સૌર ઊર્જાનો ઉપયોગ વ્યાપક બનાવવાની દિશામાં પણ રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ વન મહોત્સવ પ્રારંભ વેળાએ સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ આદિજાતિ ગામોમાં આરોગ્ય સુવિધા પહોંચાડવા ૧૨ પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ચાર કરોડ ૪૧ લાખના ખર્ચે અર્પણ કર્યા હતા. રાજ્યના વન વિભાગમાં નવ નિયુક્તિ પામેલા વન કર્મીઓ બીટ ગાર્ડ એવા ૧૪૮૦ યુવક યુવતિઓને તેમણે નિમણૂક પત્રો અર્પણ કર્યા હતા. શ્રી

અનુ. પાના ૫ પર

### ગ્રીન ગ્લોબલ બ્રિગેડ દ્વારા

## તિરૂપતિ ઋષિવન ખાતે વર્ષા મહોત્સવ-૨૦૧૭ કાર્યક્રમ યોજાયો

હિંમતનગરથી વિજાપુર હાઈવે માર્ગ પર સાબરમતી નદીના કિનારે પ્રકૃતિની ગોદમાં ૩૪૦ એકર જેટલા વિસ્તારમાં જંગલમાં મંગલ બનાવી નદીના કોતરોમાં શૂન્યમાંથી સુંદર સર્જનશીલતાના નમૂનારૂપ ગ્રામીણ વિસ્તારમાં 'તિરૂપતિ ઋષિવન'ના નામે પ્રકૃતિ પ્રેમીઓને ભેટ સમાન જગ્યામાં




તિરૂપતિ ગ્રુપ્સના માલિક શ્રી જીતુભાઈ ઉદ્યોગપતિ, પર્યાવરણ પ્રેમી, કરોડો વૃક્ષોનું વાવેતર કરાવી ચૂક્યા છે. તેવા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા, વિદેશોમાં પોણ તેમને પ્રગતિના સોપાન સર કર્યા છે તેવા ગ્રીન એમ્બેસેડરતરીકે તેમની નિયુક્તી થયેલી છે. તેવા અદ્દલ ધરતીના પુત્ર અને સામાન્ય પણ મહાન માણસના સાનિધ્યમાં ઉક્ત કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમાં તિરૂપતિ નેચરપાર્કના સંચાલકશ્રી અંબાલાલ પટેલ વર્તમાન કિસાનોની સ્થિતિ, પર્યાવરણ ખેતીમાં ખોટ, ખેતી કરવા કોઈ તૈયાર નથી આ પરિસ્થિતીમાં કિસાનોએ જયારે મેઘરાજાએ મહેર કરી છે ત્યારે અતિ મહત્વપૂર્ણ એવા વૃક્ષોના વાવેતર માટે પ્રયાસો કરવા જણાવ્યું હતું. ગ્રીન ગ્લોબલ બ્રીગેડના એહમદ પઠાણે સંસ્થાની માહિતી અને કાર્યક્રમનો ઉદ્દેશ જણાવી ફોર્મ વિતરણ કરીને પોતપોતાના તાલુકમાંથી નર્સરીઓમાંતી રોપા મેળવવાની યોજના અંગે જાણકારી આપી

અનુ. પાના ૫ પર

# ગૌરક્ષા - પ્રયત્નો અને પ્રયગો...

ડૉ. હિતેશભાઈ જાની (હેડ-પંચકર્મ વિભાગ)
ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર




**ગૌહત્યા વિરુદ્ધ રણશિંગુ**

૨૩ જુલાઈ ૧૯૩૦ના રોજ ચૌધરી હરફૂલ જાટને ટોહાના (હરિયાણા - ફતેહાબાદ)નું કતલખાનું તોડી ગૌહત્યા વિરુદ્ધ રણશિંગુ ફૂંક્યુ હતું. ત્યારબાદ જિંદ, નરવાણા, રોહતક, કોહાણાના કતલખાના પણ તોડી ગૌમાતાને મુક્ત કરી સેંકડો ગોહત્યારોને માર્યા હતા.

હરફૂલ જાટના નામનો ડર ગૌહત્યારાઓમાં એવો પેસી ગયો કે તેમના આવવાની ખબર પડતાં જ તેઓ ત્યાંથી ભાગી જતાં. તેમને પકડવામાં એક ગદ્દારે અંગ્રેજોની મદદ કરી. ૧૯૩૬ તેમને ફિરોજપુર (પંજાબ) માં ફાંસી આપવામાં આવી. ફાંસી પછી તેમના દેહને સતલજ નદીમાં જવા દેવામાં આવ્યો. અંગ્રેજોને ડર હતો કે જો તેમનું શબ લોકના હાથમાં આવી જશે તો રમખાણો સર્જાશે. ગૌમાતાની રક્ષા કાજે શહીદી વહોરનાર હરિયાણાના એ વીરને નતમસ્તક વંદન.

**શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ - ગાય આધારિત કુદરતી ખેતી દ્વારા સ્થાયી વિકાસનો પ્રયાસ :**

ભુજના કુકમા વિસ્તારના દીર્ઘદૃષ્ટા સ્વ. પુરુષોત્તમભાઈ ડાયાભાઈ સોલંકીએ ગાય આધારિત ખેતી બાબતે જાગૃતિ લાવવા પ્રયાસો શરૂ કર્યા. આજે તેમની બીજી પેઢી પણ એજ ક્ષેત્રમાં કાર્યરત છે. જેના માટે વિવિધ પ્રદર્શન - નિદર્શન, તાલીમ શિબિરો, નિષ્ણાત વૈદ્ય દ્વારા ચિકિત્સા શિબિરો વગેરે યોજવામાં આવે છે. આ ઉપરાંત સામાજિક કાર્ય માટે આ સ્થળ નિઃશુલ્ક ઉપયોગ કરવા દેવાય છે. અહીં બનાવાયેલા ગુરુકૂળમાં વિદ્યાર્થીઓને ગ્રહણશક્તિ મુજબ શ્રમની સાથે પ્રાયોગિક જ્ઞાન નિઃશુલ્ક આપવામાં આવે છે.

**નડિયાદના પિતા પુત્ર દ્વારા વાંસળીના સૂરથી ગાયની સારવાર :**

સંગીત અને આરોગ્યને ખૂબ જુનો નાતો છે. આજનું વિજ્ઞાન પણ આ વાતને સ્વીકારે છે. અલગ અલગ રોગો માટે અલગ અલગ રાગો સાંભળવાની સલાહ આપવામાં આવે છે. સંગીત દ્વારા વૃક્ષ ઉછેરના ઘણા કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા છે ત્યારે નડિયાદના નરેશભાઈ ઠક્કર અને તેમના પુત્ર કરણ ઠક્કરે એક અલગ જ પ્રયોગ કર્યો છે. શ્રીકૃષ્ણ ભગવાન ગાયો ચરાવવા જતા ત્યારે તેની વાંસળીની દૂન સાંભળી ગાયો દોડી આવતી તેજ રીતે આ પિતા - પુત્ર વાંસળીના મધુર સૂર દ્વારા વિવિધ રોગો દ્વારા પીડાતી બિમાર ગાયોને સારવાર આપી રહ્યા છે. તેઓ અત્યાર સુધીમાં હજારો જેટલી ગાયોની સારવાર કરી ચૂક્યા છે.

**કચરામાં નાખવામાં આવતી અણીદાર ચીજો નુકશાનકારક :**

વપરાઈ ગયેલી બ્લેડ કે કોઈ ધારદાર ચીજોનો ઉપયોગ થયે તેમને ઘરની કચરાપેટીમાં નાખી દેવાની દરેક ઘરમાં આદત હોય છે. આ કચરો બહાર જતાં ઘણી વખત સીધો ગૌમાતાના પેટમાં જતો હોય છે. આવી અણીદાર ચીજો તે બહાર કાઢી શકતી નથી તેમજ અંદર ઉતારી પણ શકતી નથી જે તેમના ગળામાં ફસાઈ જાય છે અન છેલ્લે મૃત્યુ પામે છે. એ સમયની તેમની પીડા અસહ્ય હોય છે જેનો અંદાજ લગાવવો પણ મુશ્કેલ છે.

આ પ્રકારની જાણકારીના અભાવે આપણે પરોક્ષ રીતે પાપમાં ભાગીદાર બનીએ છીએ. તો આવી અણીદાર ચીજો, જમીનમાં દાટી દઈ શકાય અથવા તો તેની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ થઈ શકે છે.

**રાજકોટના ડો. પ્રભુદાસ તન્ના (દાસભાઈ) દ્વારા ગૌમૂત્ર ચિકિત્સા થકી માનવસેવા...**

જુનાગઢ જિલ્લાના ભાયાવદર ગામના પ્રભુદાસભાઈ, પિતાનો પરંપરાગત કાપડનો વ્યવસાય ફેલાવવા રાજકોટ આવ્યા. અહીં વેપારમાં તેઓએ ખુબ સફળતા મેળવી. પરંતુ નાનપણથી મળેલા સંસ્કાર અને હૈયામાં ગાય પ્રત્યેની કરુણા તેમની પાસે કંઈક અલગ જ કરાવવા માંગતા હતા. કેટલાક ગૌપ્રેમીઓ, વૈશણવવૃંદો સાથે મળી રાજકોટની ભાગોળે ગોંડલ ચોકડીએ ૨૧ ગોવંશ સાથે શરૂ થયેલ ગૌશાળા આજે એક ટ્રસ્ટના નેજા હેઠળ સ્થળાંતરિત થઈ જામનગર રોડ પર શ્રીજી ગૌશાળાના નામથી પ્રચલિત છે.

આ ક્ષેત્રમાં ગળાડૂબ રહેતા દાસભાઈ ગાય, પંચગવ્ય અને તેની ઉપયોગિતા વિશે જાણતા ગયા. ગૌમૂત્રનો વિવિધ રોગોમાં ઉપયોગ કરવા માંડ્યા. જરૂરિયાત જણાતા, શહેરના મધ્યમાં એક સ્થળ પસંદ કરી ગૌમૂત્ર થકી સેવાભાવે ચિકિત્સા કેન્દ્ર શરૂ કર્યુ. ધીમે ધીમે લાભાર્થીઓનો ઘસારો અને માંગણી વધતા ગયા. બહારગામના રોગીઓને રાજકોટ સુધી ધક્કો ન થાય તે માટે રાજકોટના આજુબાજુના ગામોમાં પણ આ ચિકિત્સા કેન્દ્રો શરૂ કર્યા.

છેલ્લા એક દશકા કરતા વધારે સમયથી થતી આ પ્રવૃત્તિને કારમએ ગૌસેવકો અને મિત્રોના પ્રયાસથી બંગાળ સરકારના આરોગ્ય સંસ્થા દ્વારા ગૌમૂત્ર આધારિત વૈકલ્પિક ચિકિત્સા (અલ્ટરનેટિવ થેરાપી) હેઠળ તેમને આર.એમ.પી. ની માનદ પદવી એનાયત કરવામાં આવી.

**શ્રીનાથજી ફાર્મ - ઈશ્વરીયા :**

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ઈશ્વરીયા ગામના સીમતળે ૩૫ વિઘા જમીનમાં શ્રીનાથજી ફાર્મ ધરાવતા ભીખુભાઈ અમૃતિયા પોતાના મૂળ વતન આદિત્યાણામાં પણ આ ક્ષેત્રે કાર્યરત છે. સારી ઓલાદની ગાયો ઉપરાંત ખેડૂતને ખેતી કામમાં જોઈતા બળદ - વાછરડા તેઓ વિનામૂલ્યે આપે છે. તેઓ પોતાની જમીનમાં ગાયોની સંભાળ - સેવા માટે બીજી કોઈ ખેત પેદાશ કે કોઈ વાવેતર કરતા નથી.

**કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - રાજકોટ સંચાલિત એનિમલ હેલ્પ લાઈન અને વેટરનરી હોસ્પિટલ :**

બિમાર કે અકસ્માતથી ઘવાયેલ પશુ - પક્ષીઓની સારવાર માટે આ સંસ્થા દ્વારા મોબાઈલ પશુ ચિકિત્સાલય છેલ્લા એક દસકા કરતા વધારે સમયથી કાર્યરત છે. આ ઉપરાંત તેઓ સૌરાષ્ટ્રનું સૌ પ્રથમ એવું પશુ - પક્ષીઓ માટેનું હતું - ફરતું અન્નક્ષેત્ર પણ ચલાવે છે.

પશુ ચિકિત્સકોની ટીમ દ્વારા પશુ સાજા ન થાય ત્યાં સુધી તેમને સ્થળ પર જ વિના મૂલ્યે સારવાર આપે છે. જરૂરિયાત જણાય તો વેટરનરી હોસ્પિટલ, શેલ્ટર, ગૌશાળા / પાંજરાપોળમાં પહોંચાડે છે. સંસ્થા દ્વારા ભારતના સર્વ પ્રથમ એવા પશુ - પક્ષીઓના અંધત્વ નિવારણના કેમ્પનું પણ આયોજન કરાયું હતું. ગૌ માતાના શરીરમાંથી પ્લાસ્ટિક કાઢવા ઉપરાંત શિંગડાના કેન્સરના ઓપરેશન પણ કરવામાં આવેલ છે. ગાય માતાને કતલખાને જતી અટકાવવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત, ગૌ માતાને પ્લાસ્ટિક નુકશાન કરતું હોઈ નાગરિકોને તેનો ઉપયોગ ન કરવા અપીલ કરવામાં આવે છે. સંસ્થાના મિતલ ખેતાણીના કહેવા અનુસાર જો આ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા પશુ પક્ષીઓને બચાવવામાં નહીં આવે તો પર્યાવરણનું બેલેન્સ નહીં રહે અને મોટી સમસ્યા સર્જાશે.

ક્રમશઃ

લોક હીતમ્ મમ્ કરણીયમ્

**શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ**

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી
રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭
હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય' —**

**'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'**
**'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'**

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**

- શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ • અનામતો : રૂા.૪.૨૩ કરોડ • થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
- ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ • ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ • નેટ એન.પી.એ. : 'શૂન્ય'
- સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**

- શૈક્ષણિક માર્ગદર્શન • કારકીર્દી માર્ગદર્શન • વ્યવસાયી માર્ગદર્શન,
- રાષ્ટ્રી તહેવારોની ઉજવણી • સભાસદ કલ્યાણ યોજના
- ગ્રામીણ વિકાસ પ્રકલ્પ • મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**

(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ.
(૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથા જી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**

(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**

જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

| | | |
|---|---|---|
| **હરસુખભાઈ પંડ્યા** | **નંદકિશોરભાઈ ગરાચ** | **છગનભાઈ પેથાણી** |
| *ચેરમેન* | *વાઈસ ચેરમેન* | *વાઈસ ચેરમેન* |
| **મનહરભાઈ સુચક** | **નરેન્દ્રભાઈ ભુત** | **સમીરભાઈ જોષી** |
| *મેનેજીંગ ડીરેક્ટર* | *જો. મેનેજીંગ ડીરેક્ટર* | *જનરલ મેનેજર* |

## શ્રધ્ધાંજલિ



**સ્વ. મનુભાઈ જીવાભાઈ પટેલ**

ભારતીય કિસાન સંઘ,
સાબરકાંઠા જિલ્લાના કાર્યકર્તા
શ્રી મનુભાઈ જીવાભાઈ પટેલ
અનવર પુરા ગામના વતની
તા. પ્રાંતીજના
તા. ૯-૭-૨૦૧૭ના રોજ
અવસાન પામેલ છે.
તો ભગવાન એમની આત્માને
શાંતિ આપે એવી પ્રભુ પાસે
પ્રાર્થના... ઓમ શાંતિ

પ્રદેશ પરિવાર વતી,
અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા

# ગુજરાતમાં થતાં વૃક્ષોની માહિતી

| વૃક્ષનું નામ | બી એકત્ર કરવાનો સમય | કિલોદીઠ બીજની સંખ્યા | બીજની અંકુરણ શક્તિ | બીજને વાવેતર પહેલા આપવાની માવજત | નર્સરીમાં બીજ વાવેતરનો સમય | ઉગવાની ટકાવારી | ઉગવા માટેનો સમય દિવસ | રોપવા માટે રોપાનું આયુષ્ય (મહિનો) | રોપવાનો સમય | રોપવાની પદ્ધતિ | ઉપયોગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બાવળ | એપ્રિલ-જુન | ૭૦૦૦-૧૧૦૦૦ | ઘણી ઓછી | ગરમ પાણીમાં પલાળવું | માર્ચ-એપ્રિલ | ૮૮ | ૩૦ | ૪ | જુલાઈ | બીજ, પીસ, રોપીને | ટીમ્બર, ચારો, ટેનીન, બળતર, ગુંદર |
| ખેર | જાન્યુઆરી | ૪૦૦૦૦ | મધ્યમ | ગરમ પાણીમાં પલાળવું | માર્ચ-એપ્રિલ | ૭૦ | ૭૭ | ૩ | જુલાઈ | બીજ, પીંડ સાથે સ્ટમ્પ | ટીમ્બર, કાથો, ગુંદર ચારો, બળતણ |
| બંગાળી બાવળ | ડીસેમ્બર-ફેબ્રુઆરી | ૪૦૦૦૦ | મધ્યમ | ગરમ પાણીમાં પલાળવું | માર્ચ-એપ્રિલ | ૬૦ | ૩૦ | ૩ | જુલાઈ | બીજ, પીંડ સાથે સ્ટમ્પ | ટીમ્બર, બળતણ શોભા માટે રોડ સાઈડ |
| ઈઝરાયેલી બાવળ | નવેમ્બર | ૧૨૦૦૦ | સારી | ગરમ પાણીમાં પલાળવું | ફેબ્રુ-માર્ચ | ૫૦ | ૬૦ | ૯ | જુલાઈ | પીંડ સાથે રોપીને | બળતણ, ટેનીન ચારો, ગુંદર |
| હરમો | એપ્રિલ-જુન | ૮૦૦૦ | મધ્યમ | ગરમ પાણીમાં પલાળવું | માર્ચ | ૬૦ | ૪૦ | ૯ | જુલાઈ | બીજ, રોપા | ટીમ્બર, બળતણ, ટેનીન, કાળો રંગ |
| રૂખડો | જુન-જુલાઈ | ૨૭૫૦ | સારી | ગરમ પાણીમાં પલાળવું | જુલાઈ | ૧૦ | ૧૫ | ૬ | જુલાઈ | બીજ, રોપા | કાગળ, દિવાસળી, ગુંદર, ઉદ્યોગ, રેષા ઔષધિયો |
| રતનકુંજ | મે-જુન | ૩૬૦૦ | મધ્યમ | પાણીમાં પલાળવું | જુન | ૭૨ | ૩૦ | ૬ | જુલાઈ | પીંડ સાથે રોપીને કટકાથી | ચંદનની અવેજીમાં ટીમ્બર ગુંદર, બીમાળા બનાવવા |
| હલદુ | જાન્યુ-માર્ચ | ૧૧૦૦૦૦ | ઓછી | પાણીમાં પલાળવું | મે | ૫૦ | ૩૦ | ૩ | ઓગષ્ટ | બીજ વાવીને મૂળના પીલા | ટીમ્બર, બોબીન, ખોકા, ખુંસરી, બળતણ |
| બીલી | માર્ચ-મે | ૫૩૦૦ | ઓછી | પાણીમાં પલાળવું | ભેગા કર્યા પછી તુરંત | ૬૦ | ૨૧ | ૧૨ | જુલાઈ | બીજ રોપીને મૂળના પીલા | ધાર્મિક, ઔષધિય, ફળ, ગુંદર |
| અરડૂસા | મે-જૂન | ૯૫૦૦ | ઓછી | પાણીમાં પલાળવું | ભેગા કર્યા પછી તુરંત | ૭૦ | ૪૫ | ૪ | જુલાઈ | બીજ, પીંડ સાથે સ્ટમ્પ, કટકા | ટીમ્બર, બોર્ડ, ખોખા, દિવાસળી, શોભા માટે |

**એમ.યુ.કુકડીયા, નવસારી, કૃષિ યુનિવર્સિટી, નવસારી**

## ચાઈનીઝ છોડો, સ્વદેશી અપનાવો 'ચળવળનું સુરતમાં આહ્વાન'

# ચીનને સબક શિખવાડવા સુરતીઓ ફરી મેદાનમાં

સિક્કિમ સરહદી વિવાદને લઈ યુદ્ધ અને આઝાદીનું આંદોલન ભડકાવવાની ધમકી આપી અવળચંડાઈ કરનારા ચીન સામે સુરતીઓ લાલચોળ થયા છે. ચીનની નફફટાઈને લઈ સુરતીઓના મનમાં આક્રોશની આગ ભડકી ઊઠી છે. ઉરીમાં થયેલા આતંકવાદી હુમલા વખતે પાકિસ્તાનના પડખે ઊભા રહેનારા ચીન સામે 'ચાઈનીઝ છોડો, સ્વદેશી અપનાવો' આંદોલન છેડી મોરચો માંડનારા સુરતના વિવિધ સંગઠનો ફરી મેદાનમાં આવ્યાં છે. રક્ષાબંધનના પર્વમાં ચાઈના બનાવટને બદલે સ્વદેશી રાખડીઓ ખરીદી લડતમાં સહભાગી થવા લોકોને અપીલ કરવા સાથે 'ચાઈનીઝ છોડો, સ્વદેશી અપનાવો' ચળવળનું કરી સુરતમાં આહવાન કરાયું છે. આગામી સોમવારે ચાઈનીઝ સામગ્રીનો બહિષ્કાર કરવાની રણનીતિ ઘડવા તબીબો, સમાજસેવી, શિક્ષકો હોય એવા વિવિધ સંગઠનો વચ્ચે મિટિંગ મળનાર છે.

ભારત અને ચીનની સેનાઓ વચ્ચે સિક્કીમની સરહદે સર્જાયેલા ગતિરોધ મધ્યે ચીને ફરી એકવાર ભારતનું નાક દબાવવા પ્રયાસ કર્યો છે. ચીન એ હદે નફફટાઈ પર ઊતરી આવ્યું છે કે, સિક્કીમની આઝાદીનું આંદોલન ભડકાવવા સુધીની [illegible] આપી છે. ત્યારે ખંધા ચીન સામે ગત વર્ષે 'એક કદમ - રાષ્ટ્રીયતા કી ઔર' ના સૂત્ર સાથે સ્વદેશી અપનાવો ઝુંબેશ શરૂ કરનારા તબીબો સુરતના વિવિધ સંગઠનો સાથે મળી ફરી ચીનને સબક શિખવાડવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. તેમના વોટ્સએપ ગ્રૂપનું નામ બદલીને 'બેન ચાઈનીઝ ગુડ્સ' રાખી ફરી ચળવળ શરૂ કરાઈ છે.મેસેજીસનો મારો કરી ચીન સામે આક્રોસ વ્યક્ત કરાઈ રહ્યો છે. આઈએમએના માજી પ્રમુખ ડૉ. વિનોદ શાહે જણાવ્યું હતું કે, ગત વર્ષે ચાઈનીઝ ફટાકડા સામે સર્જીકલ સ્ટ્રાઈક કરનારા તેમના ગ્રૂપના સામ્યોએ અવળચંડાઈ કરનારા ચીનને સબક શિખાડવા ફરી ચળવળ શરૂ કરવા નિર્ણય કર્યો છે.

આગામી સોમવારે ગ્રૂપના ડૉ. નીતિન ગર્ગ, સેનેટ સભ્ય ડૉ. કશ્યપ ખરસીયા, આઈએમએના પ્રમુખ ડૉ. મનસુખ ગટીવાલા, સેક્રેટરી ડૉ. પારુલ વડગામા, ડૉ. કે.એન. શેલડીયા, ડૉ. હરેશ ભાવસાર, એનજીઓના નિહાર સરસવાલા, ગીતા શ્રોફ, રાકેશ ત્રિવેદી, પ્રશાંત દોરીવાલા, શિક્ષિકા ધર્મિષ્ઠાબેન, નિરજા પારેખ સહિતના સભ્યો વચ્ચે આગળની રણનીતિ ઘડવાનું મિટિંગ મળનાર છે.

### મોબાઈલ ફોનની મદદથી સંદેશ વધુમાં વધુ લોકો સુધી પહોંચાડાશે

*તેમણે વધુમાં કહ્યું હતું કે, ચાઈનીઝ ચીજવસ્તુઓના ભારતમાં ડમ્પિંગથી સ્થાનિક ભારતીય બજારને મોટો ફટકો પડે છે. આગામી દિવસોમાં રક્ષાબંધન પર્વ આવી રહ્યું છે. આ પર્વમાં ફક્ત ભારતીય બનાવટની રાખડીઓ ખરીદવા માટે લોકોને અપીલ કરાશે. મોબાઈલ ફોનના માધ્યમથી ફેશબુક, વોટ્સએપની મદદથી વધુને વદુ લોકો સુધી 'ચાઈનીઝ છોડો, સ્વદેશી અપનાવો' નો સંદેશ પહોંચાશે શાળા, કોલેજ અને કિટી પાર્ટીમાં જઈ બહેનોને ભાઈની કલાઈ પર ફક્ત ભારતીય બનાવટની રાખડીઓ બાંધવા અનુરોધ કરાશે. આમ, આગામી દિવસોમાં આવનારા પર્વમાં ચાઈનીઝ સામગ્રીનો બહિષ્કાર કરી ચીનને આર્થિક નુકસાન પહોંચાડી તેની કમર તોડવા સુરતીઓ મહત્વની ભૂમિકા ભજવશે. આંદોલનમાં વધુમાં વધુ લોકો જોડાય એ રીતના પ્રયાસ કરાશે.*

**ચાઈનીઝ સામગ્રીનો બહિષ્કાર કરવાની રણનીતિ ઘડવા સોમવારે તબીબો સહિતના વિવિધ સંગઠનો વચ્ચે મિટિંગ**

**રક્ષાબંધનના પર્વમાં ચાઈના બનાવટને બદલે સ્વદેશી રાખડીઓ ખરીદી લડતમાં સહભાગી થવા લોકોને અપીલ**

**શાળા, કોલેજ અને કિટી પાર્ટીમાં જઈ બહેનોને ભાઈને ભારતીય બનાવટની રાખડીઓ બાંધવા અનુરોધ કરાશે.**

## કૃષિ યુનિવર્સિટીઓનું રેંકીંગ : ટોપટેનમાં ગુજરાતની એકપણ નહીં

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR) દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માટે ભારતની શ્રેષ્ઠ કૃષિ યુનિવર્સિટીઓનું રેંકીંગ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં હરિયાણાના કર્નાલમાં આવેલ નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટીટ્યુટને પ્રથમ ક્રમાંક આપવામાં આવ્યો




છે. આ લીસ્ટમાં દેશભરની ૫૭ કૃષિ યુનિવર્સિટીઓને આવરી લેવામાં આવી છે. ગુજરાતની વાત કરીએ તો ટોપટેન માં આપણી એકપણ કૃષિ યુનિવર્સિટીને સ્થાન મળ્યુ નથી. આણંદ કૃષિ યુનિવર્સિટીને આ લીસ્ટમાં ૨૦મો ક્રમાંક આપવામાં આવ્યો છે. જ્યારે નવસારી કૃષિ યુનિવર્સિટીને ૨૨મો ક્રમાંક, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીને ૨૯મો ક્રમાંક દાંતીવાડા કૃષિ યુનિર્સિટીને ૪૬મો ક્રમાંક અને ગાંધીનગરમાં શરૂ થયેલ કામધેનુ યુનિવર્સિટીને ૫૬મો ક્રમાંક આપવામાં આવ્યો છે. કૃષિ પ્રધાન દેશ ભારતમાં કૃષિ યુનિવર્સિટીઓનું કામ ખૂબ જ મહત્વનું છે. બદલાતા સમયની સાથે શિક્ષણની સાથે ખેડૂત ઉપયોગી બપને એવા સંશોધનો કરીને ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપવાની જવાબદારી પણ કૃષિ યુનિવર્સિટીઓ નિભાવી રહી છે. જે રીતે ઈન્ડિયન ઈનસ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટ (IIM) અને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલોજી (IIT) જેવી શિક્ષણ સંસ્થાઓની સિધ્ધી સમગ્ર વિશ્વમાં પ્રસરી ચછે એમ કૃષ શિક્ષણ આપતી સંસ્થાઓ પણ વિશ્વકક્ષાએ ઝળકે એ કક્ષાનું શિક્ષણ આપવા સક્ષમ બને એ જરૂરી છે.

## ક્રિકેટર યુસુફ પઠાણની હાજરીમાં ૧૦ હજાર વૃક્ષો રોપાશે...

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ દ્વારા એક મહિનામાં ૧ કરોડ વૃક્ષો રોપવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે.



આ અભિયાન હેટળ મંગળવારે તલોદ તાલુકાના છત્રીસા કંપા ખાતે આવેલ લેમિનો ફાર્મ ખાતે ૧૦ હજાર વૃક્ષો રોપવામાં આવશે. આ પ્રસંગે ક્રિકેટર અને ખેડૂત યુસુફ પઠાણ ખાસ હાજર રહેશે. આ સમગ્ર કાર્યક્રમમાં યુવાનો ક્રિકેટ ટીમનો યુનિફોર્મ પહેલીને વૃક્ષારોપણ કરશે. આ કાર્યક્રમમાં મલબારી લીંબડો, સીતાફળ, નાળિયેરી સહિતના છોડ રોપવામાં આવશે. આ કાર્યક્રમના આયોજન હિતેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે 'મિશન ગ્રીન ઈન્ડિયા' હેઠળ થઈ રહેલ આ વૃક્ષારોપણનો કાર્યક્રમ બપોરે અઢી વાગ્યે શરૂ થશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લઈને પૃથ્વીને હરિયાળુ બનાવવામાં પોતાનું યોગદાન આપે એ જરૂરી છે




## પાક ધિરાણ લેનારનો ફરજીયાત પાકવીમો લેવો એ કેટલું યોગ્ય ?

સરકારી પાક ધિકાણ લેનાર ખેડૂતોને પાક વીમો લેવો ફરજીયાત કરવામા વ્યો છે. પાક ધિરાણ લેનાર તમામ ખેડૂતોના લોન ખાતામાંથી પાક વીમાનું પ્રિમિયમ સીધુ જ ઉધારી લેવામાં આવશે. ઘણાં ખેડૂતોને તો ખબર પણ નથી હોતી કે તેઓના પાકનો વીમો થઈ ગયો છે. કોઈ ખેડૂત પિયત કપાસના પાક પર રૂા. ૧ લાખનું ધિરાણ મેળવશે તો ૫ ટકા પ્રિમિયમ લેખે રૂા. ૫૦૦૦ એના લોન



ખાતામાંથી સીધા જ બાદ થઈ જશે. પાક વીમાનો ઉદ્દેશ ખેતીને જોખમથી મુક્ત કરવાનો છે. પણ કોઈપણ ખેડૂતની ઈચ્છા વગર એના પાકનો ફરજીયાત વીમો લેવો એ કેટલી હદે યોગ્ય છે. ગુજરાતમાં ખેડૂતોને વાર્ષિક ૧ ટકાથી લઈને ૭ ટકા સુધીના વ્યાજદરે પાક ધિરાણ આપવામાં આવશે છે. જ્યારે પાક વીમાનું પ્રિમિયમ જુદા જુદા પાક પ્રમાણે ૨ ટકા અને ૫ ટકા છે. આથી ખેડૂતોને પાક ધિરાણ પર સરવાળે ૩ ટકાથી લઈને ૧૨ ટકા સુધી ઉપરની રકમ ચુકવવી પડે છે. જે સામાન્ય લોનની સરખામણીમાં જ થઈ જાય છે.

## કૃષિ ઓજારોમાં સહાય માટે આઈ-ખેડૂત પર અરજી સ્વિકાર્ય

ખેતીમાં વપરાતા વિવિધ ઓજારોની ખરીદીમાં સરકારી સહાય મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ તા. ૧૮ જુલાઈ થી તા. ૩૧ ડિસેમ્બર સુધી ખુલ્લુ મુકાયુ છે. આ હેઠળ વિવિધ પ્રકારના ૫૦ થી વધુ કૃષિ ઓજારોની




ખરીદીમાં સરકારી ધોરણો પ્રમાણે સહાય મેલવવા માટે આઈ - ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી થઈ શકશે. જેમાં વિવિધ પ્રકારના રિવર્સીબલ પ્લાઉ (હળ)ની ખરીદી પર રૂા. ૧૬૦૦૦ થી લઈને રૂા. ૨૮૦૦૦ સુધી સહાય મળવાપાત્ર થશે. સીડ ડ્રીલ એટલે ઓરણીની ખરીદી માટે રૂા. ૧૬૦૦૦, કલ્ટીવેટર માટે રૂા. ૧૨૦૦૦, ચાફ કટર માટે રૂા. ૧૨૦૦૦, ડાંગર માટેના પ્લાન્ટર માટે રૂા. ૧૫૦૦૦૦, પાવર થ્રેસર માટે રૂા. ૨૪૦૦૦, પાવર વીડર માટે રૂા.૨૪૦૦૦, બટાકાના પ્લાન્ટર અને ડ્રીગર માટે રૂા. ૨૦૦૦૦, રોટાવેટર માટે રૂા. ૨૮૦૦૦, વિવિધ પ્રકારના શ્રેડર માટે રૂા. ૨૪૦૦૦ થી રૂા. ૫૦૦૦૦ હજાર સહાય મળવાપાત્ર થશે.

## પાક વીમા યોજનાથી ખેડુતોને નહીં પણ વીમા કંપનીઓને થયો ફાયદો

નવા સુધારા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અમલી બનાવવામાં આવેલ પાક વીમા યોજના ખેડૂતોને બદલે વીમા કંપનીઓ માટે આશીર્વદરૂપ સાબિત થઈ છે. આ વર્ષે ૨૮ માર્ચે કેન્દ્ર સરકારે રજુ કરેલી માહિતી પ્રમાણે વર્ષ ૨૦૧૬ની ચોમાસુ સિઝનમાં પાક વીમા યોજના હેઠળ વિવિધ વીમા કંપનીઓએ દેશના ૨.૪૫ કરોડ ખેડૂતોના પાકોનો વીમો લીધો છે. જેમાં ખેડૂત, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પાસેથી રૂા. ૯૦૮૧ કરોડ પાક વીમાના પ્રિમિયમના રૂપે વીમા કંપનીઓને મળ્યા છે. જ્યારે વીમા કંપનીઓએ પાક વીમા અંગેના માત્ર રૂા. ૨૮૮૪ કરોડના ક્લેઈમ મંજૂર કર્યા છે. જેમાંથી માર્ચ મહિના સુધીમાં માત્ર રૂા. ૬૩૭ કરોડના ક્લેઈમની જ ચુકવણી ખેડૂતોને થઈ છે. તમામ ક્લેઈમની ચુકવણી વીમા કંપનીઓ કરી દે તો પણ રૂા. ૯૦૮૧ પ્રિમિયમની સામે રૂા. ૨૮૮૪ કરોડ ચુકવવાના થાય. આમ, પાક વીમા યોજનાથી વીમા કંપનીઓને રૂા. ૮૭૯૭ કરોડનો ફાયદો થયો છે. રાજ્યો પ્રમાણે આંકડા જોઈએ તો રાજસ્થાનમાં પાક વીમા યોજના હેઠળ ૧૮ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂા. ૬૧ કરોડ પ્રિમિયમ લેવામાં આવ્યું. જ્યારે રાજ્ય અને કેન્દ્ર સરકારે રૂા. ૪૧૦ કરોડ પ્રિમિયમ વીમા કંપનીઓને આપ્યું. આમ, રાજસ્થાનમાંથી વીમા કંપનીઓએ પાક વીમા હેઠળ રૂા. ૪૭૧ કરોડનું પ્રિમિયમ મેળવ્યું. જ્યારે સામાપક્ષે માત્ર રૂા. ૨૫ લાખ ક્લેઈમ તરીકે ચુકવાયા છે. પાક વીમા હેઠળ વીમા કંપનીઓએ કુલ વીમાધારક ખેડૂતોમાંથી ૧૩ ટકા ખેડૂતોને જ ચુકવણી કરી છે. આમ, પાક વીમા યોજના વીમા કંપનીઓ માટે આશીર્વદ અને ખેડૂતો માટે અભિશાપ બની રહી છે એમ કહી શકાય. આ અહેવાલમાં રજુ કરાયેલ આંકડા તા. ૨૮ માર્ચ સુધીના છે. હાલ પ્રિમિયમ, ક્લેઈમ અને ચુકવણીના આંકડા અલગ હોઈ શકે. જો કે, આ યોજના ખેડૂતો કરતા વીમા કંપનીઓને વધુ ફાયદો કરી રહી છે એવું ચોક્કસ દેખાઈ રહ્યું છે.





**'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો**

**'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬**


## ટંકારામાં સતત ત્રીજી વખત જળબંબાકાર : ૧૩ ઈંચ વરસાદ

મોરબી જીલ્લાના ટંકારામાં આ ચોમાસુ સિઝનમાં સતત ત્રીજી વખત જળબંબાકાર જેવી સ્થિતિનું સ્રજન થયું છે. મંગળવારે ટંકારામાં ૧૩ ઈંચ વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારોમાં ફરી પૂર જેવી સ્થિતિનું સ્રજન થયું હતું. જેમાં એક વ્યક્તિનું



મોત થયું હોવાના અહેવાલ મળી રહ્યા છે. આ પહેલા ટંકારામાં તા. ૧ જુલાઈએ ૧૧ ઈંચ અને તા. ૧૪ જુલાઈએ ૧૩ ઈંચ વરસાદ પડતા ભારે તારાજી સર્જાઈ હતી. આ તરફ દક્ષિણ ગુજરાતમાં પણ છેલ્લા ૨૪ કાલક દરમિયાન ભારે વરસાદ થયો છે. જેમાં ચીખલી, વલસાડ, વાપી, ખેગામ, ગણદેવીમાં ૮ ઈંચથી ૧૨ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. જ્યારે મધ્ય ગુજરાતમાં અમદાવાદ આસપાસના વિસ્તારોમાં પણ સારો વરસાદ થયો છે. રાજ્યમાં સતત વરસાદ વરસ્યો હોવાથી તમામ ૨૦૩ જળાશયોમાં વત્તા ઓછા પ્રમાણમાં નવા નીરની આવક થઈ છે. સરદાર સરોવર ડેમ એટલે કે નર્મદા ડેમમાં પાણી સપાટી વધીને ૧૧૭.૩૪ મીટર થઈ છે. જ્યારે રાજ્યના ૨૧ જળાશયો હાઈ એલર્ટ જાહેર કરાયા છે.

## રાજ્યમાં ૩૭ ટકા વરસાદ વરસ્યો: અબડાસામાં હજુ અનરાધાર

ગુજરાતમાં ચોમાસાની સંપૂર્ણ સિઝનમાં સરેરાશ ૮૧૦ મીમી વરસાદ વરસે છે. જેમાં આ સિઝનમાં અત્યાર સુધીમાં ૩૦૩ મીમી વરસાદ વરસીદ ગયો છે. આમ, અત્યાર સુધીમાં સિઝનનો ૩૭.૪૦ ટકા વરસાદ વરસી ગયો છે. ગયા વર્ષે આ સમયગાળા સુધીમાં માત્ર ૨૧ ટકા વરસા પડ્યો હતો. આમ, આ વરસે વરસાદનું પ્રમાણ વધ્યુ છે. છેલ્લા ત્રણ દિવસમાં પડેલા વરસાદથી રાજ્યમાં ૯ લોકોના મોત થયા છે. જ્યારે ૪૦૫ લોકોને એન.ડી.આર.એફ. સહિત અન્ય દળો દ્વારા મોતના મુખમાંથી બચાવી લેવાયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદનું જોર ઘટ્યુ છે. જો કે, કચ્છના અબડાસામાં અનરાધાર વરસાદ પડ્યો છે. ગયા અઠવાડીયે ધોધમાર વરસાદ પડ્યા બાદ અઠવાડિયાના છેલ્લા દિવસો પણ અબડાસામાં અવિરત વરસાદ પડ્યો છે. અબડાસામાં નુંધાતડ ડેમ તુટી જતા આજુબાજુના ગામમાં પાણી ફરી વળ્યા હતા. અડબાસાના ખીરસરા ગામમાં બે દિવસમાં ૧૮ ઈંચ વરસાદ થયો છે. અબડાસા પંથકમાં ત્રણ વર્ષ બાદ આવી મેઘમહેર થઈ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

## ૬૮મો વન મહોત્સવ : સાબરકાંઠા જિલ્લાના... અનુ. પાના ૧ નું ચાલુ

વિજયભાઈ રૂપાણીએ ઉજ્વલા યોજના અંતર્ગત આદિજાતિ બહેનોને ગેસ કીટ અર્પણ કરી હતી. તેમણે ગ્રીન ગુજરાત ક્લીન ગુજરાત નારા સાથે રાજ્યને હરિયાળું બનવવામાં જનસહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ તેમની સરકાર





**મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે પ્રાધનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ વર્ષમાં પાંચ કરોડ ગેસ કનેક્શન આપવાનો સંકલ્પ કર્યો છે. તેના ભાગરૂપે આજે ૬૦૦ લોકોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે. જેનાથી ગ્રીન ગુજરાતના સંકલ્પ સાથે પર્યાવરણની જાળવણી પણ થાય છે.**

ગરીબો, વંચિતો, શોષિતો, પિડીતોની સરકાર છે તેની ભૂમિકા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આદીવાસી વિસ્તારની શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરવાની સાથે સાત મેડીકલ કોલેજોની મંજુરી આ સરકારે આપી છે. આદિજાતિના બાળકોને ડૉક્ટર બની આ વિસ્તારની સેવા કરવાની તક પૂરી પાડી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના અન્ય વિસ્તારોના વિકાસ સાથે આદિજાતિ વિસ્તાર પણ સમય સાથે વિકાસ પામે એવું નક્કર આયોજન કરયું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે પ્રાધનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ વર્ષમાં પાંચ કરોડ ગેસ કનેક્શન આપવાનો સંકલ્પ કર્યો છે. તેના ભાગરૂપે આજે ૬૦૦ લોકોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે. જેનાથી ગ્રીન ગુજરાતના સંકલ્પ સાથે પર્યાવરણની જાળવણી પણ થાય છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને લઈ માત્ર ગાંધીનગરમાં ઉજવાતા વન મહોત્સવ રાજ્યમાં પ્રજા વચ્ચે લઈ જવામાં આવ્યા તેના પરિણામ સ્વરૂપે રાજ્યના વિવિધ વિસ્તારોમાં વિવિધ વન નિર્માણ પામ્યા છે. આજે પાલમાં વીરોને અંજલિ આપવા વિરાંજલી વનનું નિર્માણ તેમની સ્મૃતિ હમેશા ચિરંજીવ રાખી ભાવાંજલીરૂપ રહેશે.

તેમણે જણાવ્યું કે, પાલ પ્રવાસીઓ માટે પ્રસાવનનું કેન્દ્ર બની રહેશે. ગુજરાતમાં પ્રથમ રાઉન્ડમાં મેઘરાજાની મહેરબાની થઈ છે. ત્યારે સૌએ વૃક્ષ ઉછેરવાની તક લેવી તે આપણી નૈતિક ફરજ છે. તેમજ આ વર્ષે ૧૦ કરોડ વૃક્ષો રાજ્ય સરકાર વાવશે. છોડમાં રણછોડ છે ત્યારે વધુ વૃક્ષો વાવી ગુજરાત આ ક્ષેત્રે પણ નંબર વન બને તે અભિયાનમાં જોડાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના અંતર્ગત ૬૦૦ જેટલા ગેસ કનેક્શન આપવામાં આવ્યા હતા. સાથોસાથ વન વિભાગ દ્વારા પ્રકાશિત ક્લાઈમેટ ચેન્જ તેમજ પાલ દઢવાવ અંતર્ગત પુસ્તકનું વિમોચન કર્યું હતું.

વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, વનવાસી વિસ્તારમાં આ વન મહોત્સવનું અનેરૂ મહત્વ છે. પ્રજાકીય ભાગીદારી વધે તેવા આશયથી વન મહોત્સવની ઉજવણી રાજ્યના જિલ્લાઓમાં શરૂ કરી છે. આપણી સંસ્કૃતિએ વૃક્ષમાં ભગવાનના દર્શનની સંસ્કૃતિ છે.

છેલ્લા ૧૦ વર્ષમાં વૃક્ષોની સંખ્યામાં ૦૨ ટકાનો વધારો થયો છે તે જ પુરવાર કરે છે કે રાજ્ય સરકાર વન સંરક્ષણ - જતન - સંવર્ધન માટે કટિબ્ધ છે આજ રીતે રાજ્યના દેશના ગૌરવ સમા એશિયાઈ સિંહોની વસ્તી પણ વધી છે. તેમણે જણાવ્યું કે, ૧૩ લાખ એકર જમીન આદિજાતિ સમાજના વિકાસ માટે રાજ્ય સરકારે આપીને આ સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધતા દર્શાવી છે. મંત્રીશ્રીએ વન અધિકાર મંડળી દ્વારા ૮ લાખ લોકો વન સંરક્ષણ માટે સહભાગી થયા છે એમ તેમણે ઉમેર્યું હતું.

વન રાજ્ય અને આદિજાતિ કલ્યાણ રાજ્ય મંત્રીશ્રી શબ્દ શરણ તડવીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, પાલ ચિતરીયાના શહીદોને વીરાંજલી વન સ્વરૂપે શ્રધ્ધાંજલી રૂપે નિર્માણ પામ્યું છે. જે શહીદોની સ્મૃતિને હંમેશા તાજી રાખશે. વન વિભાગના આ વીરાંજલી વન આવનારા દિવસોમાં પ્રવાસનનું કેન્દ્ર બનશે તેઓ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આદિજાતિ વિકાસ નિગમના અધ્યક્ષ શ્રીમતી રમીલાબેન બારાએ જણાવ્યું કે વિજયનગરને પોળો પછી વીરાંજલી વન રાજ્યનું બીજું નજરાણું છે. તેમણે આ પહાડી - વન વિસ્તાર હોવા છતાં વીજળી, રોડ, શિક્ષણ જેવા અનેક વિકાસકામોની વિગતો આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ અંગ્રેજોના જુલ્મ સામે આઝાદી સંગ્રામમાં વીરગતિ પામનાર વનવાસી શહીદોની સ્મૃતિમાં બનાવાયેલ શહીદવનની પણ મુલાકાત લઈ શ્રધ્ધાંજલિ અર્પી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ ૨ પી.એચ.સી. ૧૦-સબ સેન્ટરનું પણ લોકાર્પણ કર્યું હતું. સાથે સાથે વન અધિકાર પત્રો, ચેક વિતરણ અને સનદ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા, વનમંત્રીશ્રી ગણપતસિંહ વસાવા, જિલ્લાના પ્રભારી અને વાહન વ્યવહાર રાજ્યમંત્રીશ્રી વલ્લભભાઈ કાકડીયા, વન રાજ્યમંત્રીશ્રી શબ્દ શરણ તડવી, ધારાસભ્યો સર્વશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, ભારતીય જનતા પક્ષના જિલ્લા પ્રમુખ શ્રી જે.ડી. પટેલ, અન્ય પદાધિકારીશ્રીઓ, વન વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલ, જિલ્લા કલેક્ટર શ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષ વ્યાસ, જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

## ગ્રીન ગ્લોબલ બ્રિગેડ દ્વારા તિરૂપતિ ઋષિવન ખાતે...

અનુ. પાના ૧ નું ચાલુ

હતી. માનસી પ્રોજેક્ટ લુણાવાડાના શ્રી મણીભાઈ એ હાલ તમામ વૃક્ષોમાં વધુમાં વધુ જલ્દી વિકસતુ વૃક્ષ મિલીયા ડૂબીયા લીમડાનું વાવેતર કરવા જણાવેલ જેના રોપા ૨૧/- રૂા. માં ઘેર બેઠા ૧૦૦૦ રોપા હોય તો મળે, અને ૨૦ રૂા. સરકારની સહાય મળે છે. ૧ વર્ષમાં ૨૦ થી ૨૫ ફૂટ ઉંચાઈ થાય છે. ૬ થી ૮ વર્ષમાં કટીંગ થાય - ૧૦ × ૧૦ ફુટના અંતરે વાવેતર કરી વચ્ચે અન્ય પાકો લઈ શકાય. થડ દીઠ ૫ થી ૬ હબજાર આવક જો સારો વિકાસ હોય તો ૧ એકરમાં ૧૫ થી ૧૮ લાખની આવક થાય તેવું જણાવેલ. વધુ માહિતી મો. ૯૫૫૮૭ ૫૦૬૮૬ ઉપર સંપર્ક કરીને લઈ શકાય છે. તેમણે અન્ય સરગવો, સાગ, ચંદન વિગેરેની પણ માહિતી આપી હતી. પ્રદેશ મહામંત્રી બી.કે. પટેલે પણ સંગઠન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમની યોજના અને સરકારની રાજ્યની ૧૨૦૦ જેટલી નર્સરીઓ પૈકી ચાલુ સાલે ૧૦ કરોડ વૃક્ષો વાવવાના લક્ષ્યાંક પૈકી તમામ તાલુકામાંની નર્સરીઓમાંતી રોપાઓ મેળવીને સહભાગી બને તેવી અપીલ કરી હતી.

શ્રી જીતુભાઈએ પોતાના જીવનની સંપૂર્ણ માહિતી આપીને પર્યાવરણ અને પ્રકૃતિ માટે સમર્પિત થઈને જે કાર્યો કર્યા છે તેની માહિતી આપી હતી. જીતુભાઈએ આજસુધી રાજ્યકક્ષાના એવા અનેક કાર્યક્રમોમાં વ્યક્તિગત સામાજીક રીતે સરકારમાં સહયોગ લઈને આપીને ગુજરાતમાં વૃક્ષારોપણ ક્ષેત્રે અનેક કીર્તીમાન સ્થાપિત કર્યા છે. પોતે ૧૦૦ જેટલા દેશોમાં મુલાકાત કરેલી છે. પોતે સ્થાયેલી આ સંસ્થા ગ્રીન ગ્લોબલ બ્રિગેડ ઉભી કરી છે જેનો આશય ઉદેશની પણ જાણકારી આપી હતી. તેમને આ ક્ષેત્રે કાર્ય કરતી અનેક સંસ્થાઓનું સંકલન કર્યું છે. અને વધારામાં અનેક કાર્યકરોને બ્રિગેડના પાંચ નિયમો કરીને સંકલ્પીત કર્યા છે. જેમાં વૃક્ષ વાવો, બેટી બચાવો, અશ્વ લગાવો, વિજ - પાણી બચાવો, સ્વચ્છતા એમ પાંચ મુદ્દાના આધારે આખી બ્રિગેડ કામ કરે છે. અને બધાને જોડતા જઈએ છીએ. તે રીતે કાર્ય ક્રમમાં ઉપસ્થિત - ૧૪૦ ઉપરાંત કિસાનોને પાણી આ પાંચ મુદ્દા અંગે શપથ લેવડાવ્યા હતાં. કાર્યક્રમમાં સંસ્થા સાથે જોડાયેલ જયપ્રકાશભાઈ, મુકેશભાઈ ડાયરેક્ટર આઈ. આઈ. ટી. ઈ ગાંધીનગર, નીતિનભાઈ વિગેરેએ પણ વૃક્ષારોપણની પ્રવૃત્તિને વેગ આપવા માટે વાતો કરી પોતાના વિચારો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં સૌને વિશાળ તિરૂપતિ ઋષિવનની મુલાકાત કરાવી હતી. સૌને વિનામૂલ્યે સંસ્થાના વાહનમાં સંપૂર્ણ વિશાળ રીસોર્ટની રાઈડ / મહત્વનાં સ્થાનો, સતત પ્રગતિ, વિકાસની સાથે પ્રકૃતિ અને પર્યાવરણનું કાર્ય સુંદર રીતે કરવામાં આવેલ છે. જેની મૂલાકાત લઈને સૌ પ્રભાવિત થયા હતા. અંતમાં સૌનો આભાર માની - ભોજન લઈ છૂટા પડ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન ચાલુ રહેલ વરસાદે બેઠકના મુદ્દાને વધુ રસપ્રદ અને લાગણી સભર બનાવી દીધેલ.

- **રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા ૧૦ કરોડ વૃક્ષો વાવેતરના લક્ષ્યાંકમાં ભાગીદાર ગ્રીનગ્લોબલ બ્રિગેડ અને ભા.કિ.સંઘ સહભાગી બની વૃક્ષારોપણ અને સંવર્ધન અભિયાનમાં જોડાશે.**
- **કાર્યક્રમમાં ગ્રીન એમ્બેસેડર શ્રી જીતુભાઈ બ્રીગેડના સંવાહક શ્રી એહદજી, માનસી પ્રોજેક્ટના શ્રી મણીભાઈ (લુણાવાડા) ભા.કિ.સંઘના પ્રદેશ મહામંત્રીશ્રી બી.કે. પટેલ, સા.કાં. જિલ્લા પ્રમુખશ્રી અમૃતભાઈ મંત્રીશ્રી વક્તાભાઈ તેમજ ખેડબ્રહ્મા, વડાલી, હિંમતનગર તાલુકાના પ્રમુખો તેમજ કાર્યકર્તાઓ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લા અને ભાલનળ કાંઠામાંથી ૮૧ કિસાનોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.**

**સાપ્તાહિક સુવિચાર**

**જિંદગીને પણ થોડીક રેઢી મૂકતાં આવડવું જોઈએ... કારણ કે બહુ સાચવીને મૂકેલું જ ઘણી વખત આપણને મળતું હોતું નથી...**

# લોક દરબાર અહેવાલ...

અરવલ્લી જિલ્લામાં દર વર્ષની જે ચાલુ સાલે તમામ તાલુકાઓમાં યુ. જી. વી. સી. એલ. દ્વારા આયોજન કરવામાં આવેલ, જેની જાણ આમ જનતા તેમજ ભારત કિસાન સંઘના તાલુકા / જિલ્લા ના જવાબદાર કાર્યકરોને જાણ પણ નહતી. તા. ૫-૭-૨૦૧૭ થી ૭-૭-૨૦૧૭ દરમિયાન અનુક્રમે (૧) ભિલોડા (૨) બાયડ + ધનસુરા (૩) મોડાસા, તા. ૭-૭-૧૭ સવારે ૧૦ કલાકે (૪) મેઘરજ આજ દિવસે બપોરે ૩-૦૦ કલાકે લો દરબારનું આયોજન કરેલ ધ્યાને આવેલ જે બેજ દિવસ હતા.

પ્રમુખ ભિલોડા-૧, ભિલોડા-૨ તથા શામળાજી એમલ કુલ ત્રણ કચેરીઓ થી જવાબદાર ડી.ઈ. શ્રી વરસાત સા. શ્રી બોડાતસા તેમજ શ્રી બજાન સાહેબ તથા ડિવીઝન માંથી શ્રી ધનુલા સાહેબ ખાસ ઉપસ્થિત રહેલ, ભિલોડા ગ્રામ પંચાયતના સભાખંડમાં આ લોક દરબાલનું આયોજન સવારે ૧૦-૦૦ કલાકે કરેલ હતું. સંગઠનમાંથી તાલુકા પ્રમુખ શ્રી શામળકાકા તાલુકા કોષાધ્યક્ષ શ્રી કોદરભાઈ તેમજ જિલ્લામાંથી જિલ્લા પ્રમુખ જીવાભાઈ હાજર રહેલ. જેમાં થયેલ કાર્યવાહીમાં ભા.કિ.સંઘ તરફથી કુલે પ્રશ્નો રજુ કરેલ (જેની કોપી સામેલ છે) રજુ કરેલ આ તમામ પ્રશ્ને હુંકારાત્મક અને સંતોષકારક જવાબો આપવામાં આવેલ અને આ પ્રશ્નું ત્વરીત આગળની કાર્યવાહી કરવા ખાત્રી આપેલ તે સિવાય કેટલાક મૌખિક પ્રશ્નોની જીલ્લા પ્રમુખ જીવાભાઈ દ્વારા રજુઆત કરેલ ખાસ કરીને ભિલોડા તાલુકો વિસ્તારની દષ્ટિએ વિશાળ કોઈ જે નવ સબ સ્ટેશનો પૈકી પાંચ SS કાર્યવન થયેલ છે. ૨ નું કામ પ્રગતિમાં છે જે એકાદ મહિનામાં કાર્યરત થશે બાકીના એસ.એસ. અંગે જમીન પ્રશ્ન ના લીધે વિલંબ થયેલ જ ટુંક સમયમાં જમીન ફાળવળી થયેલ છે.

જેનું કામ ચાલુ કરવાની ખાત્રી મળેલ તે સિવાય મેશ્વો જલાગાર - શામળાજીને અડીને મોટી (દેવની) ગામે નવીન એસ.એસ.ની માગણી કરવામાં આવી. અહિં આવનારા દિવસોમાં બૌધ ધર્મનું મોટુ ધાર્મિક શંકુલ આકાર લેવા જઈ રહ્યું છે. બીજું કે તાલુકાના મોટાભાગના ૧૮૬ ગામડાંને પીવાના પાણીની યોજના તૈયાર થઈ છે જેના માટે સ્પેશીયલ પાવરસ્ટેશન (એસ.એસ.) આ વિસ્તારમાં બનાવવાની જરૂરિયાત જણાતાં માગણીની રજુઆત કરેલ જેની કાર્યવાહિ કરવા માટે પણ ડિવિઝન અધિકારીશ્રી ધનુલાસાહેબ તરફથી ખાત્રી આપવામાં આવેલ છે.

તે સિવાય તાલુકામાં તમાજ જુની વિજલાઈનોને નવેસરથી નવા મટીરીયલથી તૈયાર કરવી. તેમજ લાંબા વીજફિડરોનું વિભાજન કરવું. જેવા પ્રશ્ને પ્રેક્ટીકલ બનવા ખાત્રી આપેલ. બેઠકની શરૂઆતમાં આગામી લોક દરબારની જાણ સંગઠનને અગાઉથી કરવા મીઠી ટકોર / સૂચન લેખીત પત્રના સંબોધનમાં જ કરેલ. બીજા દિવસે તા. ૬-૭-૧૭ના રોજ બાયડ ખાતે ધનસુરા / બાયડ તાલુકાનો સંયુક્ત લોક દરબાર થયેલ તેમાં જાણના અભાવે સંગઠનમાંથી કોઈ કાર્યકરો કે પ્રશ્નોની રજુઆત થયેલ નથી.

તા. ૭-૭-૨૦૧૭ના રોજ મોડાસા ખાતે સવારે ૧૦ કલાકે લોકદરબાર અને સેવા સેતુ કાર્યક્રમ સંયુક્ત આયોજન હતું. પરંતુ આગલા દિવસે ખી જીલ્લા બેઠકમાં સૂચના મળેલ પરંતુ પ્રશ્નોનું સંકલન ન થવાથી બેઠકમાં કોઈ આપણા કાર્યકરો ઉપસ્થિત રહેલ નથી. બપોરે ૩-૦૦ કલાકે મેઘરજ તાલુકા તેમજ માલપુર તાલુકાનો સંયુક્ત લોક દરબાર યોજાયેલ તેમાં જિલ્લા મંત્રી પ્રેમજીભાઈ મેઘરજ તથા અન્ય ત્રણ કાર્યકરો કુલે ૪ કાર્યકરો ૧૬ પ્રશ્નો સાથે ઉપસ્થિત રહેલ તથા માલપુરના તુલાકામાંથી ૮ પ્રશ્નો સાથે પ્રદેશ પ્રશ્નોને ઉકેલવા તરફ તેમજ નિતિવિષયક પ્રશ્નોને આગળ મોકલી આપવા માટેની ખાત્રી આપેલ આ સિવાય બીજા પ્રશ્નો કે આમ પ્રજામાં થી કોઈ ઉપસ્તિત રહેલ ન હતા.

એકંદરે ભિલોડા-મેઘરજ લોકદરબારમાં રજુ થયેલ પ્રશ્નોને યુ.જી.વી.સી.એલ. તરફથી હકારાત્મક અને ઉકેલની દિશામાં તથા નિતિ વિષયક પ્રશ્ને સહકાર આપી સરકારશ્રીમાં આગળ મોકલવા અંગેની ખાત્રી આપેલી ભિલોડા - લોકદરબારમાં યુ. જી. વી.સી.એલ. તરફથી ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા ખાત્રી આપી.

ભિલોડા તાલુકામાં મોટુ ૨૨૦ (કે.વી.) કેવી પાવર સ્ટેશન જેની મંજુરી મળેલ છે. પરંતુ જમીનની પસંદગી ખેરાડી પંચાયતમાં સરકારી પડતર છે જે પંચાયત દ્વારા ઠકાવના અભાવે પ્રશ્ન ઉભો છે. જેના માટે ભારતીય કિસાન સંઘ તાલુકા પાસે જીઈબીની અપેક્ષા થઈ કે આ માં સંઘઠન દ્વારા પ્રયત્નો કરી આવેલ પાવર સ્ટેશનનું અન્ય જગ્યાએ ખસેડાય નહિં અને તાલુકાને લાભ મળે તેની વિગતે માહિતી પણ અધિકારીઓ દ્વારા જણાવવામાં આવેલ કે જેને લાભ ખેડૂતોને મળે તેમજ પંયાતને આર્થીક સહાય તેમજ કાપથી અન્ય ફાયદા વિશેની માહિતી આપવામાં અને અંતે અધિકારીશ્રી ડી.ઈ. બજાન સાહેબ, શામળાજી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## વ્યક્તિગત ધોરણે આવાસ માટે નાણાંકીય સહાય

**સંવેદનશીલ સરકારના નિર્ણાયક પગલાં...**

સૌજન્ય : કેન્દ્ર અને રાજ્ય સરકારની જનહિતલક્ષી યોજનાઓની માહિતી સંપૂટ)

**યોજનાનો ઉદ્દેશ :**

અનુસુચિત જનજાતિના વ્યક્તિઓ અને આદિમજુથ/પ્રીમીટીવ ગ્રુપ હળપતિ જાતિના લોકોને વસવાટની મુશ્કેલીઓ દુર કરવા માટે.

**પાત્રતાના ધોરણો :**

- અનુ.જનજાતિ / હળપતિ/ આદિમ જાતિના હોવા જોઈએ.

૦ થી ૨૦ ગુણાંક ધરાવતા બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ લાભાર્થીઓને કેન્દ્ર પુરસ્કૃત ઈન્દીરા આવાસ યોજના હેટળ આવરી લેવાના રહેશે.

- ઉપરોક્ત શરત મુજબ લાભ આપી શકાય તેમ ન હોય અને આ યોજનાઓની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે.
- ગ્રામ્ય વિસ્તાર માટે ૨૦ થી ઉપરનો BPL સ્કોર ધરાવતા અને નગરપાલિકા વિસ્તારમાં ૮૦ થી ૧૦૦ ભારાંક ધરાવતા લાભાર્થીઓને નાણાંકીય સહાય આપવામાં આવે છે.
- ગ્રામ પંચાયતના ચોપડે તદ્દન કાચું ગાર માટીનું કામ ચલાઉ ઝૂંપડું નોંધાયેલું હોય તેવા લાભાર્થીઓને.
- મકાન વિહોણા પરંતુ પોતાની માલિકીની જમીન / પ્લોટ ધરાવતા અને જેમણે સરકારશ્રીની અન્ય ગૃહ નિર્માણ યોજનાનો લાભ મેળવેલ ન હોય તેવા લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે.

**યોજનાના ફાયદા/સહાય** રૂા. ૭૦,૦૦૦/-

**પ્રક્રિયા :**

**અમલીકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થાઃ**

- જિલ્લાના મદદનીશ કમિશ્નરશ્રી / આદિજાતિ વિકાસની કચેરીમાં નિયત નમૂનામાં દસ્તાવેજી પુરાવાના સહિતની અરજી રજુ કરવાની હોય છે અને આ દસ્તાવેજના આધારે નિયમ અનુસાર મળવાપાત્ર લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે.

હળપતિ લાભાર્થીઓએ અરજી ફોર્મ ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ બોર્ડની કચેરીમાંથી વિના મૂલ્યે પુરા પાડવામાં આવે છે, જેની ચકાસણી બોર્ડની પેટા કચેરી દ્વારા ચકાસણી કરી પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સહાય આપવામાં આવે છે.

## અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન

**યોજનાનો ઉદ્દેશ :**

અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો / તાલીમ માટે હળવા વ્યાજની લોન આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે.

**પાત્રતાના ધોરણો :**

(૧) અરજદાર અનુસૂચિત જનજાતિનો હોવો જોઈએ.

(૨) અરજદારે મેટ્રીક્યુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા ઈન્ડિયન સ્કુલ સર્ટીફીકેટ કે તેની સમક્ષ પરીક્ષામાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને / અરજદારોને વિદેશમાં ઉચ્ચ કક્ષાના સંશોધન અને કોમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવશે.

(૩) અરજદાર જે વિદેશની યુનિ.માં અભ્યાસક્રમ કરવા માંગતો હોય યુનિ. માં મળેલ પ્રવેશ અંગેની વિગત આપવાની રહેશે તેમજ જે શરતો / નિયમો નક્કી કર્યા હશે તે રજુ કરવાનો રહેશે.

(૪) વિદેશમાં અભ્યાસ કરવા માટેના સમયગાળા દરમ્યાન વીઝા તથા પાસપોર્ટ મેળવી રજુ કરવાનો રહેશે.

(૫) આવી યોજનાનો લાભ કુટુંબમાંથી એક જ વ્યક્તિને આપવામાં આવશે. આવક મર્યાદા ધ્યાને લેવામાં આવે નહિ.

(૬) આ યોજના હેટળ ગુજરાત રાજ્યમાં કે ભારતના જે અભ્યાસક્રમો કે પદવીઓ માટેની સવલત ઉપલબ્ધ ન હોય એવા અભ્યાસક્રમો કે પદવીઓ માટે જ લોન આપવામાં આવશે.

**યોજનાના ફાયદા / સહાય**

લોન મહત્તમ રૂા. ૧૫ લાખ

**પ્રક્રિયા :**

(૧) અરજદાર અનુસૂચિત જનજાતિનો ઉમેદવાર હોવા અંગેનો સક્ષમ અધિકારીશ્રીએ આપેલા જાતિના પ્રમાણપત્રની સ્વયં પ્રમાણિત / ખરી નકલ.

(૨) અરજદારે પસાર કરેલી મેટ્રીક્યુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા તો ઈન્ડિયન સ્કૂલ સર્ટીફીકેટ પરીક્ષાની માર્કશીટ તેમજ પ્રમાણપત્રની સ્વયં પ્રમાણિત / ખરી નકલ.

(૩) સ્કુલ લિવીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ.

(૪) લાભાર્થીએ બે સધ્ધર જામીનનો રજુ કરવાના રહેશે અને તેઓના રૂા. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર માલતદારશ્રી / નોટરી રૂબરૂ સોગંદનામું કરાવી મિલ્કતના પુરાવા સહિત રજુ કરવા.

(૫) લાભાર્થીનું પોતાનું રૂા. ૨૦ ના સ્ટેમ્પ પેપર સોગંદનામું કરાવી રજુ કરવું.

(૬) વિદેશ જતાં પહેલાં અરજદારે પાસપોર્ટ, સ્ટુડન્ટ વિઝા, વિદેશમાં માન્ય યુનિ.માં પ્રવેશ મળ્યા અંગેનો પત્ર વગેરે આધાર રજુ કરવાના રહેશે.

(૭) આ યોજના હેઠળ અભ્યાસક્રમ માટે થનાર ખર્ચના અંદાજો સંસ્થા પાસેથી મેળવીને રજુ કરવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ લોન મેળવનાર લાભાર્થીએ અભઅયાસક્રમ પૂર્ણ કર્યાબાદ ભારતમાં તેમની સેવાઓ ઓછામાં ઓછી પાંચ વર્ષ માટે આપવાની બાંહેધરી રૂા. ૨૦/-ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ ઉપર આપવાની રહેશે.

(૯) આવા અભ્યાસક્રમોમાં દાખલ થવા ઈચ્છતા ઉમેદવારના કોઈ સગા સંબંધી વિદેશમાં રહેતા હોય તો તાલીમાર્થીને તેઓ દ્વારા નાણાકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઈએ.

(૧૦) લાભાર્થીએ આ યોજના હેટળ લોનની રકમ રીઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયન દ્વારા નિયત થયેલ વિનિયમના દરે ચુકવવામાં આવશે અને રીઝર્વ બેન્કની નિયમ અનુસારની મંજુરી લેવાની રહેશે.

**અમલીકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થા**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર.

## લોકસરવાણી — બિનખર્ચાળ પદ્ધતિઓ

## પરાગનયન થકી, કોફીનું પુનઃ ઉત્પાદન વધ્યુ...

### વધુ મૂળવાળાં જાયફળના છોડ

જાયફળનાં મૂળ છીછરાં હોય છે. આ કારણે જાયફળનાં વૃક્ષ પવન સામે ખૂબ જ પ્રભાવહિન હોય છે. વરસાદ અને ભારે પવન દરમિયાન આ વૃક્ષનું ઊખડી જવું ઘણું જ સામાન્ય છે, જેનાથી ખેડૂતોને ભારે નુકસાન થાય છે. જાયફળના છોડમાં શોધકે સામાન્ય મૂળની જગ્યાએ ઓછામાં ઓછા પાંચ મૂળ વિકસાવ્યાં છે.

પ્રથમ, વધુ ઉપજ આપનાર છોડને રોપવામાં આવે છે. એક વાર મૂળ ફૂટે એટલે જાયફળની પાંચ છ જંગલી જાતો વાવવામાં આવે છે. એક વાર જંગલી છોડની ઊંચાઈ ઉચ્ચ ઉપજ આપનાર છોડ જેટલી થઈ જાય એટલે ભેટ કલમ વડે બધી જંગલી જાતોને વાળીને ઉચ્ચ ઉપજવાળી જાત સાથે ભેટ (ગ્રાફ્ટ) કરી દેવાય છે. ગ્રાફ્ટિંગના એક મહિના પછી, જંગલી જાતોની ડાળીઓ દૂર કરવામાં આવે છે. આ પદ્ધતિના નીચે મુજબના ફાયદાઓ છે : (૧) મજબૂત મૂળ, જે પવન સામેટકી રહેવા પૂરતી મજબૂતાઈ આપે છે. (૨) વધુ મૂળ વધુ પોષક તત્વો તથા ખાતર શોષવામાં ણદદ કરે છે. (૩) વધુ વિકાસ (૪) બીજા બીજા વર્ષ પછી ઉત્પાદન મળવા લાગે છે.

*જાયફળ (Myristica fragrans) માં ગ્રાફ્ટિંગ એ બમણા ઉત્પાદન માટે બૃહદ ઉપયોગ થાય છે. (Rema et al. (૧૯૯૭). Journal of Spices and aromatic Crops 6t (૨) : ૮૭-૧૦૫)*

**સીએમ ગોપી,**
**ચેરુકુનેલ હાઉસ, અંદમાલી પો-ઓ,**
**જિલ્લો ઈડુકકી, કેરળ.**

### મરીનાં મૂળિયાં માટે સરગવાનો ઉપયોગ

સરગવા (Moringa oleifera) નાં અડધો કિલો કુમળાં પાનને અડધો લિટર પાણીમાં ૧૨ કલાક રાખવાં. પછી પાન મસળી લેવાં અને મરીનાં વેલાના ટુકડા તેમાં અડધો કલાક રાખવા. પછી તેને નર્સરીમાં વાવવાં. ૨૧ દિવસની અંદર નવાં મૂળ અંકુરિત થશે.

*સરગવા (Myristica oleifera) ના પાનનો રસ એમિનો એસિડ, ઝ્વ, ઝ્ક્ર, હ્વી, એસ્કોર્બેટ્સ, ઝેઈરીનથી ભરપૂર હોય છે. (સાયટોકીનીનના કુદરતી સ્રોત તરીકે ઉપયોગમાં લેવાય છે) તેઓ છોડના વિકાસને આગળ વધારતા ગુણધર્મો માટે જાણીતાં છે. સરગવાના છોડના પાનની વૃદ્ધિ પ્રેરક અસર નોંધાયેલ છે. (Nouman et al. (2012). Turkish Journal of Agriculture and Forestry, 36(1), 65-75)*

**સીમી કેવી,**
**ગ્રીન્સ બાક્કાલમ્ પોસ્ટ,**
**કાનુલ જિલ્લો : કુન્નુર, કેરળ**

### રબરની છાયામાં કોફીની પસંદગી અને ફેલાવો

શોધકે કોફીની એવી જાત શોધી તથા ફેલાવી છે, જેને છાયામાં ઉછેરી શકાય છે, ખાસ કરીને રબરના વૃક્ષ નીચે સામાન્ય રીતે, રબરની છાયાને કારણે તેના વાવેતર હેઠળ અન્ય પાક લઈ શકાતા નથી. રબરના બજાર મૂલ્યમાં તાજેતરમાં થયેલા ઘટાડાએ ખેડૂતોને રબર નીચે વધુ પાકનો પ્રયોગ કરવા આગળ વધાર્યા. શોધકે રબરના વૃક્ષ નીચે ઉગાડી શકાય તેવી કફીની જાત શોધવા માટે કેરળ તથા કર્ણાટકનો પ્રવાસ કર્યો. તેમને પશ્ચિમ ઘાટમાંથી એક જાત મળી અને તેમણએ પ્રયોગ શરૂ કર્યા. આ જાત શોધી કાઢવા બદલ રબર બોર્ડે તેમની પ્રશંસા કરી અને રબર ઈન્ડિયામાં તેની વિગતો પ્રકાશિત કરાઈ.

**રોય એન્ટોની, કાવાલાક્કટુ, સાસીમાલા પો.ઓ. પલ્પેલી, જિલ્લો : વાડનાડ, કેરળ.**

### લીચીમાં પરાગીકરણ

અપ્રેમકટ્ટી કુરિયન કોટ્ટાયમના ખેડૂત છે,. તેઓએ ડિપ્લોમા સુધી શિક્ષણ મેળવ્યું છે. તેઓ લીચી અને કેરી જેવા બાગાયતી પાકોની ખેતી કરે છે. લીચી એક પૃથકલિંગી છોડ છે, જે ગ્રાફ્ટિંગ કરેલા છોડ વાવેતર માટે ઉપયોગ કરાય છે. કુરિયન ગ્રાફટેડ તેમજ બીજ અંકુરિત છોડ ઉગાડે છે. જ્યારે તેમનાં લીચીના વૃક્ષોમાં ફૂલો આવ્યાં ત્યારે અપૂરતા પરાગીકરણને લીધે ફૂલો ખરી પડ્યાં અને તેમને ઉપજ ન મળી, પરંતુ તેમના એક મિત્રના ખેતરમાં જ્યાં માદા છોડવાઓની વચ્ચે એક નર છોડ ઊભો હતો, ત્યાં તેમણે વધુ પ્રમાણમાં ફળો જોયા. આ અનુભવથી નર છોડમાંથી એકત્ર કરેલ પરાગરજ વડે યાંત્રિક રીતે થોડા માદા ફૂલોનું પરાગીકરણ કર્યું. આ પ્રયોગે અદ્ભૂત કામ કર્યું. પરાગીકરણ પછી ત્યાં વધુ પ્રમાણમાં ફળો આવ્યા. તેમણએ પણ નોંધ્યું કે માત્ર જેના પર હાથેથી પરાગીકરણ કરાયું હતું ત્યાં જ વધુ ફળો આવ્યા હતાં.

પછીનાં વર્ષોમાં તેમણે લીચીના વૃક્ષોમાં પરાગીકરણ કર્યું. તેમણે પરાગીકરણને મૂરઝાઈ જતું અટકાવવા માટે પાણી ભરેલી બોટલમાં પુંકેસર ભેગા કર્યા અને તેને ગ્રાફટેડ માદા છોડની શાખા પર લટકાવી. તેમણે પરાગીકરણ આગળ વધારવા મધમાખીઓને આકર્ષી. તેનો દાવો છે કે એક ૨૫ વર્ષ જૂના વૃક્ષ પરથી ૪૨૫ કિલો ફળો આ પદ્ધતિને કારણે મેળવ્યાં, જ્યારે અન્યોને વધારેમાં વધારે માત્ર ૧૦૦ કિલો અથવા તેથી પણ ઓછું ઉત્પાદન મળતું હતું. તેમણે તેમની આસપાસના ૨૦૦ થી પણ વધુ ખેડૂતોમાં આ પદ્ધતિ પ્રસરાવી અને તેમનો પાક વધાર્યો.

*અપ્રેમકુટ્ટી કુરિયન, કાડાલિક્કાટ્ટીલ, ક્વીકુન્નુ, કિઝાવાડિયુર, પાલા, જિલ્લો : કોટ્ટાયમ, કેરળ*

## સાબરકાંઠા બેંકની ૫૯મી વાર્ષિક સાધારણ સભા હર્ષઉલ્લાસ અને કુદરતના અમી છાંટણા સાથે સંપન્ન થઈ...

સમગ્ર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની આર્થિક ધોરી નસ સમાન તેમજ લોક હૃદયમાં સ્થાન પામેલી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની ૫૯મી વાર્ષિક સાધારણ સભા બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ મંદિર, કાંકણોલ હિંમતનગર ખાતે તા. ૧૫-૭-૨૦૧૭ના રોજ બેંકના ચેરમેનશ્રી મહેશભાઈ અમીચંદભાઈ પટેલના પ્રમુખ સ્થાને યોજાયેલ હતી.



**આ પ્રસંગે સાબરકાંઠા બેંક દ્વારા ડીજીટલ બેંકીંગ ક્ષેત્રે થયેલ કામગીરી, ખેડૂતના કલ્યાણ માટે બેંક દ્વારા કરવામાં આવેસ કામગીરી તેમજ સામાજીક સુરક્ષા યોજનાઓમાં બેંકના ઉત્કૃષ્ટ દેખાવનો ઉલ્લેખ બેંકના યુવાન, ઉત્સાહી અને પ્રેરણાદાયી બેંકના ચેરમેનશ્રીએ તેમના સ્વાગત પ્રવચનમાં આપી ઉપસ્થિત તમામ સભાસદોને આવકાર્યા હતા.**

આ પ્રસંગે સાબરકાંઠા બેંક દ્વારા ડીજીટલ બેંકીંગ ક્ષેત્રે થયેલ કામગીરી, ખેડૂતના કલ્યાણ માટે બેંક દ્વારા કરવામાં આવેસ કામગીરી તેમજ સામાજીક સુરક્ષા યોજનાઓમાં બેંકના ઉત્કૃષ્ટ દેખાવનો ઉલ્લેખ બેંકના યુવાન, ઉત્સાહી અને પ્રેરણાદાયી બેંકના ચેરમેનશ્રીએ તેમના સ્વાગત પ્રવચનમાં આપી ઉપસ્થિત તમામ સભાસદોને આવકાર્યા હતા. ત્યારબાદ બેંકના સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, સાબરકાંઠા બેંક કર્મચારી પરિવાર અને સભાસદ મંડળીના પ્રતિનિધિઓએ બેંકના વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવા ચેરમેનશ્રી મહેશભાઈ અમીચંદભાઈ પટેલને ગુજકોમાસોલના નિયામક મંડળમાં ડીરેક્ટર તરીકે જવલંત વિજય મેળવવા બદલ ફુલહાર, પુષ્પગુચ્છ, શાલ મોમેન્ટો વિ. અર્પણ કરી અભૂતપૂર્વ સન્માન કરેલ. આજ પ્રમાણે બેંકના ડીરેક્ટરશ્રી જગદીશભાઈ શામજીભાઈ પટેલની પણ ગુજકોમાસોલના નિયામક મંડળમાં ડીરેક્ટર તરીકે ચૂંટાવા બદલ બેંક ડીરેક્ટર શ્રીઓએ તેમજ સભાસદ મંડળીઓએ ફુલહાર, પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરેલ.

વિશેષમાં બેંક દ્વારા ડીઝીટલ બેંકીંગના અભિગમને અનુરૂપ એ.ટી.એમ.ના માધ્યમથી જન સામાન્યની સેવા કરનાર પાંચ (૫) શ્રેષ્ઠ સહકાર સાથી વ્યક્તિઓનું બેંકના ચેરમેનશ્રી દ્વારા પુષ્પ ગુચ્છ અર્પણ કરી સાલ ઓઢાડી સન્માન કરેલ હતું. તેમજ એજન્ડા ઉપરની તમામ કામગીરી બેંકના ચીફ એક્ઝીક્યુટીવશ્રીએ હાથ ધરતાં તમામ સભાસદોએ આ તમામ કામોને સર્વાનુમતે મંજુર રાખતા સાત્વીક સહકારીતાના અદ્ભૂત દર્શન કરાવડાવેલ. સભામાં ઉપસ્થિત તમામ સભાસદોએ બેંકની થાપણ, ધિરાણ તથા વસુલાતની સર્વ શ્રેષ્ઠ કામગીરીને ભાવનાત્મક અનુમોદન આપી બિરદાવતા નજરે પડ્યા હતાં. અંતમાં બેંકના વાઈસ ચેરમેનશ્રી રાજેન્દ્રસિંહ નહારસિંહ ભાટીએ ઉપસ્થિત તમામ સભાસદોનું તથા સહકારી આગેવાનોનો આભાર માની મીટીંગનું કામકાજ પુર્ણ થયેલ જાહેર કરેલ.


## કૃષિ એક્સ્પો-૨૦૧૭

**મહાત્મા મંદિર - ગાંધીનગર. ગુજરાત**

### ત્રિ દિવસીય કૃષિ સેમિનાર, તાલીમ

| નં. | તારીખ | વિષય | ફી રૂા. | સમય |
|---|---|---|---|---|
| (૧) | ૨૭-૭-૨૦૧૭ | ટકાઉ ખેતી-ઓર્ગેનિક ફાર્મિંગ | ૬૫૦-૦૦ | ૧૦ થી ૪ |
| (૨) | ૨૮-૭-૨૦૧૭ | બાગાયતી ખેતી | ૬૫૦-૦૦ | ૧૦ થી ૪ |
| (૩) | ૨૯-૭-૨૦૧૭ | આદર્શ પશુપાલન | ૬૫૦-૦૦ | ૧૦ થી ૪ |

વર્કશોપ / તાલીમમાં ભાગ લેવા માટે આપનું તથા આપના ગ્રુપના સભ્યોના રજીસ્ટ્રેશન માટે નીચેના ફોન નં. ઉપર સંપર્ક કરવો.
મો. : ૯૮૭૯૧ ૬૧૫૦૦, ૯૭૨૭૫ ૬૯૦૦૩, ૭૬૨૨૦૨૩૦૩૧

# મેઘરાજાનો ધમાકેદાર રાઉન્ડ ૨૦ ડેમો હાઈએલર્ટ પર મૂકાયા

*આ વખતે ચોમાસાએ પ્રારંભે જ બરોબરની જમાવટ કરી છે. મેઘરાજાએ બીજા રાઉન્ડમાં મેઘ વરસાવતાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચારેકોર પાણી પાણી થયુ છે. ભારે વરસાદને લીધે ગુજરાતના ૨૦ ડેમોને હાઈએલર્ટ પર જ્યારે અન્ય છ ડેમોને એલર્ટ પર મૂકવામાં આવ્યા છે.*

અત્યાર સુધી સુકાભઠ્ઠ પડેલાં ડેમો વરસાદી નીરને લીધે જાણએ જીવંત બન્યાં છે. રાજયમાં ૨૦૩ ડેમોમાં મોટા ભાગના ડેમો વરસાદી પાણીથી ભરાયાં છે. અત્યારે આ બધાય ડેમોમાં કુલ મળીને ૫૫૫૪.૦૭ મિલિયન ક્યબિક મિટર પાણીનો સંગ્રહ થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પાણીની સપાચી ૧૧૭.૨૬ મિરની સપાટીએ પહોંચી છે. હાલમાં નર્મદા ડેમ ૯૮.૯૬ ટકા ભરાયો છે.



કચ્છના સાનાન્દ્રો, ગજાનસાર, ફતેહગઢ, મિતી, જામનગરના રૂપારેલ, સાપડા, કંકાવટી, મોરબી જીલ્લાના મચ્છુ-૧ અને મચ્છુ-૨ નેવુ ટકા ભરાયાં છે. આ ઉપરાંત રાજકોટના લાલપરી, ખોડાપિપર, સુરેન્દ્રનગર જિલ્લાના નાયકા, ધોળીધજા, લીંબડી, ભોગાવો, સાબુરી અને ત્રિવેણી ગંગા એમ કુલ મળીને ૨૦ ડેમો હાઈએલર્ટ પર મૂકાયા છે. ભરૂચ જિલ્લાના ધોલી, જામનગરના પુના - ઉન્ડ-૨, રાજકોટ જિલ્લાના આજી-૨, ન્યારી-૨ અને મોરબીના ડેમી-૨ એમ કુલ મળીને છ ડેમો છલકાવવાની તૈયારીમાં છે. આણ ભારે વરસાદને લીધે ડેમો વરસાદી પાણીથી છલોછલ થયાં છે.

**નર્મદા ડેમમાં ૮૫.૯૬% પાણી**

# મોરબી જિલ્લામાં ૧૦૪ ટકા વરસાદ પાંચ જિલ્લામાં ૫૦ ટકાથી વધુ...

*ગુજરાતમાં ચાલુ ચોમાસાની સીઝનના વરસાદનો આંક ૩૮.૬૧ ટકાએ પહોંચ્યો છે. નોંધપાત્ર બાબત એ છે કે મોરબી જિલ્લામાં અપેક્ષિત વરસાદનો બધો જ હિસ્સો વરસી ચૂક્યો છે. અહીં ૧૦૪ ટકા વરસાદ થઈ ગયો છે.*

જ્યાં ઓછો વરસાદ પડે છે તેવા કચ્છ જિલ્લામાં અત્યાર સુધીમાં વાર્ષિક અપેક્ષિત સરેરાશનો ૫૬.૨૭ ટકા હિસ્સો વરસી ચૂક્યો છે. કચ્છની સાથોસાથ પાટણમાં ૫૮.૬૩ ટકા, જામનગરમાં ૫૬.૫૪ ટકા, ગીર સોમનાથમાં ૫૧.૪૮ ટકા, સુરેન્દ્રનગરમાં ૭૧ ટકા સરેરાશ વરસાદ થઈ ચૂક્યો છે. સોમવારની સવાર સુધીમાં પડેલા વરસાદના અધિકૃત આંકડાઓ જોઈએ તો બે ઈંચ થી ઓછો કહી શકાય (૫૦૦ મિ.મી.) તેટલા વરસાદ માત્ર એક તાલુકા પૂરતો જ સીમિત રહ્યો છે. ગુજરાતના રીજયન પ્રમાણે જોઈએ તો કચ્છમાં ૫૬.૨૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪૦.૮૧ ટકા, પૂર્વ - મધ્ય ગુજરાતમાં ૨૮.૮૧, સૌરાષ્ટ્રમાં ૪૪.૪૨ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૩૫.૭૮ ટકા, સરેરાશ વરસાદ થઈ ગયો છે. રાજ્યમાં સૌથી ઓછો ૪૮ મિ.મી. વરસાદ અમરેલી જિલ્લાના લીલિયા તાલુકાનો છે. જયારે સૌથી વધુ ૧૩૮૯ મિ.મી. વરસાદ વલસાડ જિલ્લાના કપરાડામાં વરસ્યો છે.



**ગુજરાતમાં સૌથી વધુ ૧૩૮૯ મિ.મી. વરસાદ કપરાડામાં, સૌથી ઓછો ૪૮ મિ.મી. લીલિયા તાલુકમાં**

સૌરાષ્ટ્રમાં મોરબી જિલ્લામાં હજી સીઝનની જમાવટ થઈ રહી જ છે તેવા વાતાવરણમાં ૧૦૪ ટકા વરસાદ થઈ ગયો છે. અહીં વાર્ષિક - સરેરાશ ૪૯૧ મિલીમીટર વરસાદ અપેક્ષિત છે. તે સામે ૫૧૨ મિ.મી. પડી ચૂક્યો છે. રાજ્યમાં કચ્છના અબડાસા તાલુકામાં, સુરેન્દ્રનગરના ચોટીલામાં, રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકામાં, મોરબીના ટંકારા અને વાંકાનેરમાં અપેક્ષિત વરસાદનો ૧૦૦ ટકા વરસાદ થઈ ગયો છે. આંકડાઓના આધારે જોઈએ તો પૂર્વ - મધ્ય ગુજરાતનું ચિત્ર નબળું છે. આ સીજનમાં માત્ર ૨૮-૮૧ ટકા જ વરસાદ થયો છે. આ વિસ્તારના સાવલી તાલુકામાં તો માત્ર ૭૧ મિ.મી. વરસાદ જ થયો છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ, બોટાદ, ભાવનગર, અમરેલી જિલ્લામાં હજી વરસાદની જરૂરિયાત છે.

| વરસાદ | જીલ્લો |
|---|---|
| ૫૦ ટકાથી વધુ | કચ્છ, પાટણ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, ગીર સોમનાથ, દ્વારકા. |
| ૩૦ થી ૫૦ ટકા | બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, પંચમહાલ, રાજકોટ, પોરબંદર, બોટાદ, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, ડાંગ. |
| ૩૦ ટકાથી ઓછો | અરવલ્લી, ખેડા, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, વાપી, મહીસાગર, દાહોજ, જૂનાગડ, અમરેલી, ભાવનગર. |

# અગ્રણી રાજ્યની સહકારી સંસ્થા ગુજકોમાસોલમાં દિલિપભાઈ સંઘાણી નવા ચેરમેન તથા તાલાલાના ધારાસભ્ય ગોવિંદ પરમાર વાઈસ ચેરમેન તરીકે વરણી



**દિલીપભાઈ સંઘાણી**
ચેરમેન



**ગોવિંદભાઈ પરમાર**
વાઈસ ચેરમેન

હાલ સંસ્થા પાસે ૧૪ જિલ્લામાં હજારો મેટ્રિક ટનની ક્ષણતાના ૧૪૯ ગોડાઉન છે. સંસ્થાનું વાર્ષિક ટર્ન ઓવર ૧૭૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. અને ગુજરકોમાસોલ સાથે રાજ્યની ૧૪૮૮ સંસ્થાઓ તમામ જિલ્લા સંઘ અને અંદાજે ૬૦૦૦ થી વધુ સહકારી મંડળી પરોક્ષ રીતે જોડાયેલી છે. ભા.કિ.સંઘ બંને નવનિયુક્તોને અભિનંદન અને શુભેચ્છા પાઠવે છે.

## વાચકો નમ્ર નિવેદન

આપ અમારા કિસાન સંદેશ સાપ્તાહિકના ગ્રાહક મિત્ર છો. અને આપને માહિતી છે જ કે છેલ્લા ૧૮ વર્ષથી આપણું સાપ્તાહિક નિયમીત પ્રગટ થાય છે. હાલમાં માહિતી ખાતું ગુજરાત રાજ્યમાં ૨૦૧૬નાં અંકોની માત્ર પૂર્તતા કરવાની છે તો આપની પાસે નીચેના અંક નંબરના અંક સંગ્રહીત કરેલ હોય તો અમોને જાણ કરવા વિનંતી છે. જેથી માહીતી આપી શકાય સંપર્ક માટે

**મનીષ પંચાલ : મો : ૯૯૦૯૦૦૦૨૧૪**

| વર્ષ ૨૦૧૬ | અંક નં. |
|---|---|
| જાન્યુઆરી : | ૩૨, ૩૪ |
| માર્ચ : | ૪૧, ૪૨ |
| એપ્રિલ : | ૪૮ |
| જુલાઈ : | ૬ |
| ઓક્ટોબર : | ૨૨, ૨૨ |

## લકવો થવા સમયે અમરવેલ ઉકાળેલું ગરમ પાણી ઝારો



ઘણીવખત જાનવરોમાં પાછળના પગે લકવાની અસર થતાં તે ઉભું થઈ શકતું નથી. આવા સમય ડૉક્ટરને તાત્કાલિક બોલાવી ઈંજેકશન મૂકવવાં. સાથે સાથે પગે તેલની માલીશ કરવી. અમરવેલને ગરમ પાણીમાં ઉકાળી ઝારવાથી ફાયદો થાય છૌ. સરસિયાનું તેલ સૂર્યપ્રકાશમાં રાખી ગરમ કરી માલીશ કરવાથી રાહત મળે છે.

તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.